પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૪ | ૪ ઓક્ટોબર, ૨૦૨૧, સોમવાર; ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભવાનીપુરમાં મમતાદીદીની વિક્રમી જીત

### મમતા બેનર્જીએ ૫૮ હજારથી વધુ મતે જીત મેળવી : મમતા બેનર્જીએ ભાજપના ઉમેદવાર પ્રિયંકા ટિબરેવાલને પરાજય આપ્યો



ભવાનીપુર, તા.૩

પશ્ચિમ બંગાળના ભવાનીપુર પેટાચૂંટણીમાં મમતા બેનર્જીએ રેકોર્ડ મતે જીત મેળવી છે. આ સાથે તેઓ પોતાની મુખ્યમંત્રીની ખુરશી બચાવવામાં પણ સફળ થયા છે. મમતા બેનર્જીને એકતરફી જીત મળી, તેમણે ભાજપના ઉમેદવાર પ્રિયંકા ટિબરેવાલને ૫૮,૮૩૨ મતોથી પરાજય આપ્યો છે. મમતા બેનર્જી માટે આ ચૂંટણી ખુબ મહત્વની હતી કારણ કે મુખ્યમંત્રી પદે બન્યા રહેવા માટે તેમણે વિધાનસભાનું સભ્ય બનવું જરૂરી હતું.

મમતાના હરીફ ઉમેદવાર પ્રિયંકા ટિબરેવાલે કહ્યું કે, તે શાલીનતા સાથે હારનો સ્વીકાર કરે છે. તેમણે મમતા બેનર્જીને શુભેચ્છા પણ આપી છે. સાથે પ્રિયંકાએ તે પણ કહ્યું કે, બધાએ જોયું છે કે મમતાએ કઈ રીતે જીત મેળવી છે. મમતા બેનર્જીની જીત બાદ તેમના આવાસ પર જશ્ન મનાવવામાં આવી રહયો છે. કાર્યકર્તા એકબીજાને મિઠાઈ ખવડાવી રહ્યાં છે. મમતા બેનર્જીએ પોતાના ઘરની બહારથી કાર્યકર્તાઓને સંબોધિત કર્યાં છે.

મમતા બેનર્જીએ ભવાનીપુરના લોકોનો આભાર માન્યો છે. શાનદાર જીત બાદ મમતા બેનર્જીએ કહ્યું- જ્યારથી

● અનુસંધાન પાન-૭ પર

## શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાન સહિત ૮ની અટકાયત

### કથિત રેવ પાર્ટી સંદર્ભે એનસીબીએ અટકાયત કરી : આર્યને જણાવ્યું કે તેને પાર્ટીમાં મહેમાન તરીકે બોલાવાયો હતો : તેની પાસેથી ક્રુઝ પર આવવા ફી લેવાઈ નહતી

મુંબઈ, તા.૩

બોલીવુડના સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાન સહિત આઠ લોકોની કથિત રેવ પાર્ટી સંદર્ભે એનસીબીએ અટકાયત કરી છે. હાલ આ તમામ લોકોની એનસીબી પૂછપરછ કરી રહી છે.



આ મામલે એનસીબીના ચીફ એસ એન પ્રધાને કહ્યું કે બે અઠવાડિયા સુધી ચાલેલી તપાસનું આ પરિણામ છે. આ માટે અમે ગુપ્ત બાતમીઓ પર કાર્યવાહી કરી અને તેમાં કેટલીક બોલીવુડ લિંકની સંડોવણી સામે આવી છે. આ દરમિયાન મોટા પ્રમાણમાં ડ્રગ્સ મળી આવ્યું. આ મામલે તપાસ ચાલુ છે. એનસીબીએ પોતાના ખાસ ઈનપુટ પર બે ઓક્ટોબરના રોજ આ ઓપરેશન લોન્ચ કર્યું હતું. આ દરમિયાન તમામ સંદિગ્ધોની તલાશી લેવાઈ. મળતી માહિતી મુજબ રેડમાં પ્રતિબંધિત ડ્રગ સ્ઢસ્છ/ઈજ્ઢજંટ્ઠજઅ, કોકીન, એડી (મેફેડ્રોન) જેવી વિવિધ ડ્રગ અને ચરસ મળી આવ્યા છે. કહેવાય છે કે આ પાર્ટીમાં બોલીવુડ, ફેશન અને બિઝનેસ સંલગ્ન અનેક મોટામાથા સામેલ થયા હતા. એનસીબીની ટીમ દ્વારા રેડ પાર્ટી પર દરોડો પાડવામાં આવ્યો અને ત્યાં હાજર તમામ લોકોની તલાશી લેવાઈ. આ મામલે અત્યાર સુધીમાં ૮ લોકોની અટકાયત કરાઈ છે. જેમાં શાહરૂખ ખાનનો મોટો પુત્ર આર્યન ખાન પણ સામેલ છે.

આ મામલે આર્યન ખાનની પૂછપરછ થઈ. એનસીબીને એક વીડિયો પણ મળ્યો છે જેમાં પાર્ટીમાં આયર્ન ખાન જોવા મળી રહ્યો છે. પૂછપરછમાં આર્યને જણાવ્યું કે તેને આ પાર્ટીમાં મહેમાન તરીકે બોલાવવામાં આવ્યો હતો. તેની પાસેથી ક્રુઝ પર આવવા માટે કોઈ પણ પ્રકારની ફી લેવાઈ નહતી. આર્યને કહ્યું કે તેના નામનો ઉપયોગ કરીને બાકીના મહેમાનને બોલાવવામાં આવ્યા હતા.

## લખીમપુરમાં ૪ ખેડૂતોના મોત બાદ હંગામો

### કેન્દ્રીય મંત્રીના પુત્રની ગાડી આગના હવાલે : કિસાનોથી બચવા માટે કેન્દ્રીય મંત્રીના પુત્રના ડ્રાઇવરે સ્પીડથી ગાડી ચલાવી ત્યારે બે કિસાનોના મોત થયા હતા

લખનઉ, તા.૩

નવા કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન કરી રહેલા કિસાન આંદોલને હવે હિંસક રૂપ લઈ લીધુ છે. કિસાનોએ યૂપીના લખીમપુર ખીરીમાં કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્રની બે કારોમાં આગ લગાવી દીધી છે. આ ઘટનામાં બે કિસાનોના મોત થયા છે. જાણકારી પ્રમાણે ઉત્તરપ્રદેશના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય રવિવારે લખીમપુર ખીરીમાં કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી અજય મિશ્રાના ટેનીના ગામ બનવીરપુર જઈ રહ્યા હતા. તેમને રિસીવ કરવા માટે અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રા કાફલા સાથે ઘરેથી નિકળ્યા હતો. આ દરમિયાન રસ્તામાં આશિષ મિશ્ર અને તેની સાથે ચાલી રહેલી એક ગાડીને કિસાનોએ રોકી લીધી. તે તેને નવા કૃષિ કાયદાને પરત લેવાની માંગ કરવા લાગ્યા હતા.

કિસાનોથી બચવા માટે કેન્દ્રીય મંત્રીના પુત્રના ડ્રાઈવરે સ્પીડથી ગાડી ચલાવી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કેટલાક કિસાન ગાડીની સામે આવી ગયા હતા. આ દરમિયાન બે કિસાનોના મોત થયા અને આશરે ૮ કિસાનોને ઈજા પહોંચી છે. આ ઘટના બાદ નારાજ થયેલા કિસાનોએ મંત્રીના પુત્રની બે ગાડીઓને આંગના હવાલે કરી દીધી છે. પરંતુ ઘટના બાદ પણ કેશવ પ્રસાદ મૌર્યા રોડ માર્ગે ગામમાં પહોંચ્યા અને ત્યાં એક કુશ્તી દંગલનું ઉદ્ઘાટન કર્યુ હતું.

આ ઘટના બાદ પ્રદેશના રાજકારણમાં ગરમાવો આવી ગયો

● અનુસંધાન પાન-૭ પર

## બાળકો માટે Covaxinને જલદી મળી શકે છે મંજૂરી

### ભારત બાયોટેકે DCGIને મોકલ્યો ટ્રાયલ ડેટા : ૨થી ૧૮ વર્ષના બાળકો પર કરાયો છે વેક્સીનનો ટ્રાયલ દેશમાં હજુ સુધી બાળકો માટે વેક્સીન ઉપલબ્ધ નથી

નવી દિલ્હી, તા.૩

ભારતમાં બનેલી કોરોના વાયરસની વેક્સીન 'Covaxin'ને બાળકો પર ઈમર્જન્સીઉપયોગ માટે જલદી મંજૂરી આપવામાં આવી શકે છે. ભારત બાયોટેક ૨થી ૧૮ વર્ષના એજગ્રુપ પર વેક્સીનની ટ્રાયલના ડેટા રેગ્યુલેટરને સબમિટ કરવામાં આવ્યા છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ડૉ કૃષ્ણા એલ્લાએ ઈન્ડિયા ટુડે સાથે વાત કરીને જાણકારી આપી હતી. હવે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા ડેટાને રિવ્યૂ કરશે અને બધુ સારું થયું તો બાળકોને ઝ્રદ્બટ્ઠૈહ લગાવવાની મંજૂરી આપવામાં આવશે. આ દેશમાં બાળકો માટે ઉપલબલ્ધ થનારી પહેલી વેક્સીન હશે.

એમ્સ સહિત ઘણી જગ્યાઓ પર વેક્સીનની બાળકો પર ટ્રાયલ થઈ છે. આ ટ્રાયલ ત્રણ તબક્કામાં થઈ છે. પહેલા તબક્કામાં ૧૨-૧૮ વર્ષના બાળકો, પછી ૬-૧૨ વર્ષના અને અંતમાં ૨-૬ વર્ષના બાળકો પર વેક્સીનની ટ્રાયલ કરવામાં આવી હતી. ભારતમાં વયસ્કો માટે ઘણી રસી ઉપલબ્ધ છે, પરંતુ બાળકો માટે કોઈ રસી નથી. ડૉ. એલ્લા મુજબ ઉઝ્રૐ પાસેથી પણ જલદી કોવેક્સીન માટે આ મહિને મંજૂરી મળી શકે છે. તેમણે કહ્યું કે તેમની કંપની ઉઝ્રૐને તમામ ડેટા સોંપ્યો છે. રિપોર્ટ્સ મુજબ ભારત બાયોટેકે ઉઝ્રૐમાં ૯ જુલાઈ સુધી ડેટા સબમિટ કરી દીધો હતો. ગ્લોબલ સંસ્થાને વેક્સીનનો રિવ્યૂ કરવામાં લગભગ ૬ અઠવાડિયાનો સમય લાગી શકે છે. એકવાર ઉઝ્રૐ વેક્સિન ઈમર્જન્સી યુઝ માટે મંજૂરી આપે તે પછી કોવેક્સિન લેનારા કોઈ અનિવાર્ય ક્વોરન્ટીન વગર વિદેશ યાત્રા કરી શકે છે.

## મનોજ બાજપેયીના પિતાનું લાંબી માંદગી બાદ નિધન

મુંબઈ, તા.૩

બોલિવૂડ અભિનેતા મનોજ બાજપેયી પિતા રાધાકાંત બાજપેયીએ રવિવારે સવારે અંતિમ શ્વાસ લીધા છે. રાધાકાંત બાજપેયીની ઉમર ૮૫ વર્ષ હતી અને પાછલા ઘણાં સમયથી તેઓ બીમાર હતા. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં મનોજ બાજપેયીના પિતાની સારવાર ચાલી રહી હતી. જ્યારે મનોજ બાજપેયીને પોતાના પિતા બીમાર હોવાની જાણકારી મળી ત્યારે તે કેરળમાં હતા. તે કેરળમાં એક ફિલ્મ માટે શૂટિંગ કરી રહ્યો હતો. ત્યારપછી તે તાત્કાલિક દિલ્હી પાછો ફર્યો હતો. આ પહેલા મનોજ બાજપેયીએ પોતાના પિતાની હેલ્થ અપડેટ શેર કરતાં જાણકારી આપી હતી કે, ઉમરને કારણે તેમણે આ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## કાબુલમાં મસ્જિદ બહાર મોટો ધમાકો

### મસ્જિદના ગેટ પર બોમ્બથી હુમલો : અનેકના મોત : તાલિબાની પ્રવક્તાના માતાની શોકસભા ચાલી રહી હતી

કાબુલ, તા.૩

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એકવાર ફરી મોટો ધમાકો થયો છે. તાલિબાનના પ્રવક્તાએ કહ્યુ કે, કાબુલમાં એક મસ્જિદના ગેટ પર બોમ્બથી હુમલો કરવામાં આવ્યા, જેમાં ૫ લોકોના મોત થયા છે. તો અનેક લોકો ઈજાગ્રસ્ત થવાના સમાચાર છે. અહીં તાલિબાની પ્રવક્તાના માતાની શોકસભા ચાલી રહી હતી. અહીં તાલિબાની પ્રવક્તા ઝબીહુલ્લા મુઝાહિદના માતાની શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં તાલિબાની સભ્યો હાજર હતા. સામાન્ય



લોકોની પણ મોટી ભીડ હતી. ત્યારે દરવાજા પાસે ધમાકો થયો અને લોકોના મોત થયા છે. મૃતકોની સંખ્યા હજુ સ્પષ્ટ નથી. તેની પુષ્ટિ પણ થઈ નથી કે મૃત્યુ પામનારમાં કેટલા સભ્ય તાલિબાનના હતા.

તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લા મુઝાહિદે જણાવ્યુ કે ઈદગાર મસ્જિદને નિશાન બનાવી હુમલો કરવામાં આવ્યો, જ્યાં તાલિબાનનો એક કાર્યક્રમ ચાલી રહ્યો હતો. અત્યાર સુધી કોઈ સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી. પરંતુ ઓગસ્ટના મધ્યમાં અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ ઈસ્લામિક સ્ટેટે અહીં હુમલા વધારી દીધા છે. બંને કટ્ટર ઈસ્લામિક સંગઠનો વચ્ચે દુશ્મની વધી ગઈ છે. અમેરિકી સૈનિકોની વાપસી પહેલા કાબુલ એરપોર્ટ પર ઈસ્લામિક સ્ટેટે આત્મઘાતી હુમલા કર્યા હતા.




## ભારતમાં પ્લાન્ટ પાસે માત્ર ૩ દીવસ ચાલે એટલો જ કોલસો બચ્યો

પશ્ચિમ બંગાળ , તા.૦૩

ભારત દેશના આ તમામ ૧૩૫ પાવર પ્લાન્ટમાં કુલ વીજળી વપરાશના ૬૬.૩૫ ટકા વીજ ઉત્પાદન થાય છે. જો કોલસાના અભાવે ૭૨ પાવર પ્લાન્ટ બંધ થઈ જાય તો વીજળીનું ઉત્પાદન લગભગ ૩૩ ટકા ઘટશે. આનાથી દેશમાં વીજ સંકટ આવી શકે છે. સરકારી આંકડા અનુસાર કોરોના મહામારી પહેલા ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૯માં ભારતમાં દરરોજ ૧૦,૬૬૦ કરોડ યુનિટ વીજળીનો વપરાશ થયો હતો. હવે ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૧ માં તે વધીને ૧૪,૪૨૦ કરોડ યુનિટ થઈ ગઈ છે. બે વર્ષમાં કોલસાના વપરાશમાં ૧૮ ટકાનો વધારો થયો છે. ૫૦ માંથી ચાર પાવર પ્લાન્ટમાં ૧૦ દિવસ ચાલી શકે એટલો જ કોલસો છે જ્યારે બીજા ૧૩ પાવર પ્લાન્ટમાં ૧૦ દિવસથી વધુ ઉપયોગ થઈ શકે તેટલો કોલસો છે.

કેન્દ્ર સરકારે કોલસાના સંગ્રહની સમીક્ષા કરવા માટે કોલસા મંત્રાલયના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી છે. આ ટીમો તેના પર નજર રાખી રહી છે. દેશમાં કોલસા સંકટનું મૂલ્યાંકન ઓગસ્ટમાં જ સામે આવ્યું હતું. ૧ ઓગસ્ટના રોજ માત્ર ૧૩ દિવસનો કોલસો સંગ્રહ બાકી રહ્યો હતો. પછી આ અછતને કારણે થર્મલ પાવર પ્લાન્ટ્સ પ્રભાવિત થયા. તેના કારણે ઓગસ્ટના છેલ્લા સપ્તાહમાં વીજ ઉત્પાદનમાં ૧૩,૦૦૦ મેગાવોટનો ઘટાડો થયો હતો.ચીનમાં હાલના દિવસોમાં વીજળીની કટોકટી ચાલી રહી છે. ઘણા ઉદ્યોગોની વીજળી કાપી નાખવામાં આવી રહી છે. તેની અસર તેના અર્થતંત્રને અસર થવાના ભયમાં કહેવામાં આવી રહી છે. પરંતુ ભારતમાં પણ ચીન જેવી પાવર કટોકટી ઉભી થઈ શકે છે.

## બ્રિટનમાં ૭૦ ટકા પેટ્રોલ પંપ પાસે ઈંધણ ખૂટયું



બ્રિટન , તા.૦૩

બ્રિટન હેવી વાહનો ચલાવી શકે એવા પાંચ હજાર વિદેશી ડ્રાઈવરોને ત્રણ મહિનાના વિઝા આપીને દેશમાં બોલાવશે. નેશનલ સ્ટેટિસ્ટિક્સ પ્રમાણે બ્રિટનમાં ડ્રાઈવરોની નિવૃત્તિ વય ૫૫ વર્ષ છે. એમાંથી મોટાભાગના હેવી લાઈસન્સ ધરાવતા ડ્રાઈવર્સ નિવૃત્તિની વયની નજીક છે. ૨૫ વર્ષ કે તેની નજીકની વય ધરાવતા ડ્રાઈવરોની સંખ્યા એક ટકો પણ નથી. આવી વિચિત્ર સ્થિતિ વચ્ચે કેટલાય રમૂજી બનાવો પણ બને છે. એક યુવકે પેટ્રોલ-પંપમાં લાંબી લાઈનમાં પેટ્રોલ પૂરાવવાની રાહ જોતા કારચાલકોની મશ્કરી કરી હતી. ગસ લી ડોલ્ફીન નામનો યુવાન થેમ્સ ડીટોન નામના વિસ્તારમાં ઘોડા પર પહોંચ્યો હતો. ઘણી કાર પેટ્રોલ પંપમાં ઉભી હતી. એમાં તેણે મ્યુઝીક વગાડયું હતું, જેનો અર્થ થતો હતો કે હું મારા ઘોડા પર છું, મારે પેટ્રોલની જરૂર નથી. ઘોડો તો ગાજર ખાઈને પણ નિયત જગ્યાએ પહોચાડી દે છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો. લોકોએ એ આઈડિયાને પસંદ કર્યો હતો. કેટલાક લોકોએ સાઈકલ પર સવાર થઈને વીડિયો મૂક્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર